સુધારા તથા વધારા સાથે ઉસ્તાદી કાવ્ય.

કુંજ બિહારી.

રચી પ્રસિદ્ધ કરનાર,

કવી જયરામ રવજી ભાગડીઆ.

કચ્છ-માંડવીવાળા

ઠે:- કાંદાવાડી શેઠ ધરમસી ભવાનજી ઉનવાળાના
માળામાં કાંદાવાડી-મુંબઈ

આવૃતી ૭ પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૨ સને ૧૯૧૫

કીંમત ૧ આનો.

ધર્મ વિજય પ્રેસ, પાયધુની નં. ૫૬૨-મુંબઈમાં
હરજીવન ભગવાને છાપી.



ଧଉଳଠ





મુરબ્બી શેઠ નરસિંહદાસ પરશોતમદાસ તમાકુવાળા લીમડી એવણને કર્તા તરફથી આપવામાં આવેલી

અર્પણ પત્રિકા.

હરીગીત.

બુદ્ધિ સરળ છે જેમની, ઉપકાર પર પ્રીતી ઘણી;
શાસ્ત્રો તણા શુભ શ્રવણના, અધિકારિઓમાં છો મણી;
જેના પીતા પુરૂષોત્તમ, નીજ નામ નરસિંહદાસ છે;
અર્પણ કરૂં છું તેમને, આ ગ્રંથ કુંજબિહારી જે.
આનંદ પણ ઉર છે અતિશય, મુક્ત કલેશ થકી સદા;
સંસારમાં વસિને રહ્યા, પણ ગર્વ છેક નથી તદા;
કિર્તિ પવિત્ર પ્રભુ દયાજ થકી, મહા સુખદાઇ છે;
અર્પણ કરૂં છું તેમને, આ ગ્રંથ કુંજબિહારી જે.
વ્યાપારીઓના વર્ગમાં, નેકી પરસ્પર મેળવી;
દેખી ન મેં કોઈ દિવશ, હાસ્ય તણી રમત જે ખેલવી;
ચોટા વિષે અધિકું સદા, સત્કારને શુભ માન છે;
અર્પણ કરૂં છું તેમને, આ ગ્રંથ કુંજબિહારી જે.
પ્રભુની કૃપા અવલોકીને, પ્રગટયો પરસ્પર પ્રેમ ત્યાં;
જયરામ પણ આશીશ દઇ, મુખ ધન્ય એમ વદી રહ્યા;
ગૌ બ્રાહ્મણોના હિત વિષે, સતકૃત્ય જે કરનાર છે;
અર્પણ કરૂં છું તેમને, આ ગ્રંથ કુંજબિહારી જે.

લી૦ હું છું આપનો શુભેચ્છક,
કવી જયરામ રવજી ભાગલીઆ.
કચ્છમાંડવીવાળા,

કુંજબિહારી.

ગણપતિ સ્તુતી. ૧

કવાલી.

નમું આદી તમોને હું ચતુર બાહુ પ્રભુ પ્યારા;
વિનંતિ એક છે મારી, હરો વિઘ્નો સૌ ન્યારા. નમું આદી.
વિવિધ પુષ્પો અને વારી ધૃત ગૌનું સુખાકારી;
તમોને ચર્ચવા અંગે, મગાવું સિંદુરો સારા. નમું આદી.
કૃપાજો આપની થાશે, મહા માંગલ્ય વર્તાશે;
એવી આશા અમોને છે, કરૂં કિર્તિ મુખ દ્વારા. નમું આદી.
કહે જયરામ હે સ્વામી, રહું આનંદ જો પામી;
ચરણ સેવી રહું તારા, ચતુર બાહુ પ્રભુ પ્યારા. નમું આદી.

પ્રભુનો ઉપકાર ન ભુલવા વીષે. ૨

કવાલી.

ગયો ભૂલી પ્રવર્તિમાં, ખરૂં કર્તવ્ય જે તારૂં;
અવિનાશી પ્રભુને તેં વિસારી કાં દીધા વારૂ. ટેક૦
રહ્યો તું ગર્ભમાં જ્યારે, કરારો શું કર્યા ત્યારે,
તમારૂં નામ નહિ ભુલું, પછી પસ્તાય શા સારૂ. ગયો ભુલી.
સંબંધી જે બધા તારા, પ્રિય બંધુ અને દારા;
ગળે ફાંસી કદી આવે, રહે વાતો કરી ન્યારૂં. ગયો ભૂલી.

મૂકી તેં રત્નને દીધું, અલ્યા આ કર્મ શું કીધું;
ગયો બાજી બધી હારી, વિષય લાગ્યું બહું પ્યારૂં. ગયો ભૂલી.
કહે જયરામ હે પ્રાણી, નમાની સંતની વાણી;
કદિ ચેતી નહિ ચાલે, ગતી થાશે ન હું ધારૂં. ગયો ભૂલી.

ઇશ્વર સ્તુતી. ૩

ધનાશ્રી.

વિઘ્ન હરો મહારાજ અમારા, વિઘ્ન હરો મહારાજ;
છો આપ અંતર જામી અમારા, રાખું હવે સીદ લાજ. અમારા૦
પાલન કર્તા છો પ્રભુ પોતે શ્રષ્ટી તણા શિરતાજ અમારા૦
નામ પ્રતાપી લેતાં તમારૂં જતિ દેખું સહુ દાઝ. અમારા૦
જયરામના પ્રભુ છો દિનબંધુ અર્જ સ્વિકારો આજ. અમારા૦

ઇશ્વર મહિમા. ૪

રાગ પામ્યો પામ્યો પદ્મની નારી હો.

મતિ અલ્પ છતાં અભિમાનીરે, મન ભજ શ્રી કૃષ્ણ દિલજાણી;
દુઃખ સમય જે સહાય કરે છે, મુનીશ્વરો પણ ધ્યાન ધરે છે;
અવિનાશી જગતમય જાણીરે. મન ભજ શ્રી કૃષ્ણ દીલજાની.
ગોકુળમાં પ્રભુ ધેનું ચરાવી, કાલિંદિ જલ શુદ્ધ કરાવી;
કર્યું નાગદમન બહુ તાણીરે, મન ભજ શ્રી કૃષ્ણ દીલજાની.

ઈંદ્ર તણું અભિમાન ઉતાર્યું, ગોવરધન શુભ નામ ધરાવ્યું;
જન સમુહ રહ્યા પહેંચાનીરે, મન ભજ શ્રી કૃષ્ણ દીલજાની.
નંદ કુંવર પણ એજ કહાવે. ચીર હરી બહુ જોર જણાવે;
વૃજ વનિતા રહી વખાણીરે, મન ભજ શ્રી કૃષ્ણ દીલજાની.
ઇષ્ટ અમારો એજ પ્રતાપી, પ્રાબલ્ય જગમાં જેનું અમાપી;
જયરામ અચલ સુખ માનીરે. મન ભજ કૃષ્ણ દીલજાની.

નીંદાનો ત્યાગ. ૫

ભૈરવી.

નિંદા પરાઈ દે છોડીરે, મન નિંદા પરાઇ દે છોડી;
નિંદા નરકમાં વેગે નખાવે પુન્ય નાંખે સૌ તોડી. ટેક૦

સાખી.

નિંદાના કરનારનું કરવું નહિં દર્શન;
જે જન નિંદા પાત્ર છે, પુરો પાપી જન. રે મન૦
નિંદ કરતાં નરક છે, પાપ પરાયુ ધોય;
સ્વાદ નથી એમાં કશો બીજ નઠારૂં બોય. રે મન૦
પીતા પુત્ર બેઉ સામટાં નિંદા કરતાં હોય;
પૌત્ર પણ તેવો થશે, પલટી શકે ન કોય. રે મન૦
મસ્ત થયો એમાંજ શું, કહી દે સાચી વાત;
વચન સત્ય જયરામના, યાદ કરો પરભાત. રે મન૦

કૃષ્ણ ગોપી સંવાદ. ૬

કવાલી.

બતાવો છે જવું તે કયાં, તમારી દાસીને છોડી;
છબીલા શું કરોછો આ, વિખેરીને હવે જોડી. ટેક૦
કર્યું શું પાપ મેં વહાલા, સતાવો ના હવે ઠાલા;
ન ત્રુટે કર્મની દોરી, તમારી દાસીને છોડી.
તમારૂં જો ન હું માનું, કરૂં જઇ કર્મ કંઈ છાનું;
પછી જાવું ભલે દોડી. તમારી દાસીને છોડી.
છતાં આધિન છું એવી, તજી દઉં પ્રાણને તેવી;
જશોના સ્નેહને તોડી, તમારી દાસીને છોડી.
કહે શ્રી કૃષ્ણને ગોપી, લજ્જા કુલની સૌ લોપી;
વીચારો વાત આ થોડી, તમારી દાશીને છોડી.

ઉપરના પ્રશ્નનો પ્રતી ઉત્તર. ૭

કવાલી.

પ્રિયા આધિન છું તારે, અમસ્તા બાણ શું મારે;
યુગો વિતી જતાં ચારે, જવાનો છું નથી બહારે. ટેક૦
અમારૂં કામ છે એવું, વીધીથી ના બને તેવું;
જવું તેથી પડે ત્યારે, અમસ્તા બાણ શું મારે.
અમારી આ દશાને તો પીછાની જે રહ્યા તે તો;
ભવાબ્ધિને ગયા પારે, અમસ્તા બાણ શું મારે.

વળી જે રૂકમણિ રાણી, હરિ જેને અમો આણી;
નથી કહેતી મુંને ક્યારે અમસ્તા બાણ શું મારે.
મને લક્ષ્મી બહુ પ્યારી, પિતા જેના નિધીવારી;
ન બોલે તે મુખદ્વારે, અમસ્તા બાણ શું મારે.
અનાદિ કાળના પાપી સ્વરૂપોમાં દિધાં સ્થાપી;
રહ્યા સો એજ આધારે, અમસ્તા બાણ શું મારે.
કહે જયરામ ઓ બાળા, પ્રભુ એવા કરે ચાળા;
પ્રતાપી છે મહા ભારે, અમસ્તા બાણ શું મારે.

કૃષ્ણ ચરિત્ર.

ગુનો છુપાવવાની ચાલાકી. ૮

રાગ—પ્રેમ પીયાલો પીધોરે-

મેંતો માંખણ નથી ખાધુરે, માતાજી મોરી મેતો માંખણ નથી ખાધું.
અદેખી ગોપીઓ સો જુઠું બોલે છે માં, હું તો જનમનોજ સાધુરે ટેક૦
જુઓ ખોલી મારૂં મુખડું બતાવું મા, જરાએ પણ નથી દાદ્ધુંરે માતાજી૦
માતાજી કહે અલ્યા લુચ્ચા સબુર કર, હાથ બેઉ તારા બાંધુરે. માતાજી૦
જયરામ કહે એવા બાળ ચરિત્રના ગુણ ગાઈ દીન કાઢુંરે.
માતાજી મોરી મેંતો માંખણ નથી ખાધું.

જસોદાજી પાસે કૃષ્ણે માગેલી માફી. ૯

માઢ.

છોડો છોડો માજી કૃત્ય આવું, હું નથી કરનાર;
હું નથી કરનાર આજ પછી, ફરી કોઇ વાર. ટેક૦
રંક જાણી આ નિજ બાળનો, ક્ષમા જો કરો અપરાધ;
વાસના એવી આજથી તજું, હવેથી રાખીશ હું યાદ. આજ.
જનુંની જણાવ્યું હોત જો, પ્રથમ થકી નીરધાર;
જયરામના ઇષ્ટની ભૂલો, કદી આવતે નહિ બહાર.
આજ પછી કોઈ વાર.

કૃષ્ણ બાલચરિત્ર વર્ણન ૧૦

ભૈરવી.

મતવાલો મોહન મારો, લાગે બહુ પ્યારોરે; ટેક૦
પ્રેમ તણે વસ છે પુરૂશોત્તમ, કુટીલ જનોથી રહ્યા ન્યારોરે.
મત.

સાખી.

ઘુરણીએ ભર ચાલતાં પ્રભુ થયા પરસન;
મટી વૃક્ષ ઉત્તમ ગતી, પામ્યા યમલાર્જુન. મતવાલો૦
આવી મારશી પૂતના, કરાવવા સ્તન પાન;
પ્રાણ લીધાં પલ એકમાં, કૃષ્ણ મહા બળવાન. મતવાલો૦
અંતર જામી ઓળખી, જપો નિરંતર નામ;
જય બોલો જગદિસની, સત્ય કહે જયરામ. મતવાલો૦

પૈસો એજ પરમેશ્વર છે. ૧૧

કવાલી.

અરે પૈસા અરે પૈસા, રહ્યું આધિન સૌ તારી,
બનાવે મુર્ખને જ્ઞાની, રખાવે વાત તું છાની;
કરે છે ધર્મની ખ્વારી, રહ્યું આધિન સૌ તારી.
મનાવે છે રૂડું તારૂં, વિના પસે બધું ખારૂં;
ભરે છે કૈંકતો વારી, રહ્યું આધિન સૌ તારી.
વસે છે તું વધારે ત્યાં, રહ્યા હાટી જમીનોમાં;
મજા ચાખે ન કંઇ સારી, રહ્યું આધીન સૌ તારી.
હવે માગી રહું મારી, વધારે શું કહું ચાંપી;
ગયો જયરામ પણ હારી, રહ્યું આધીન સૌ તારી.

સબંધીઓની તારીફ. ૧૨

કવાલી.

સબંધીની મજા જોવી, પડે છે કામ તે વારે,
હશે જો પાસમાં નાણું, મજાનું જો જુવે ટાણું;
કહે આધીન છું તારે, પડે છે કામ તે વારે;
કદાપી જો દુઃખી દેખે, કશામાં તે નહિં લેખે;
ગમે ના તે ઉભો દ્વારે પડે છે કામ તે વારે.
કથીને શું કરૂં વાલા, દિસે જો હાથ આ ઠાલા;
જતો ઉઠી રહે બહારે પડે છે કામ તે વારે.
કહુ છું હું હવે યારો પરાઇ આસના ધારો;
કહે જયરામ તે ત્યારે પડે છે કામ તે વારે.

હીતોપદેશ. ૧૩

સારંગ.

રટી રામ નામ તું લે પ્રાણી, અમથી ન બોલ મિથ્યા વાણી.
ટેક૦
વ્યાપક અંતર જામી જગતના, ઘટઘટમાં એ રમતો જાણી. રટી.
પાર ઉતરવું છે ભવ સાગર, વાત કહી દેઉં છું છાની. રટી૦
રહયો બુડી શું વિષય રંગમાં શત્રુ શકલ કરશે હાણી રટી૦
અનુભવ શીર જયરામ કહે છે, નહિં તો જમડા લેશે તાણી રટી૦

જગત કાર્ય વસ છે. ૧૪

રાગ પીલુ.

વિસ્મયની વાત છે એક એવી, દ્રષ્ટાંત રૂપે જનો એજ લેવી ટેક૦
મૃગ ત્રણ લીલુંજ, વનમાં ચરે છે, દગ્ધ થયું દેખી તુર્ત ફરે છે.
વિસ્મય૦
વિહંગ પણ ફળ દેખી ધરાય, ઓછાં થયાં કે ઉડી ઝટ જાય,
વિસ્મયની૦
યુક્ત સુગંધ હશે પુષ્પ ભાઈ, ત્યાં લગી સેવે ભ્રમર સુખદાઇ.
વિસ્મય૦
રસ વર્જ થએલું કદી ભ્રંગ દેખે, સ્વાર્થ વિનાં તે કશામાં નલેખે. વિસ્મય૦

નિર દ્રવ્ય નર ગુણીકા ઘર જાય, બરબાદ થયેલો નષ્ટમાં
ગણાય. વિસ્મય૦
સ્વાર્થ વિના કશી છે ન સગાઈ, જયરામ આસ ન કરતું
પરાઇ. વિસ્મય૦

ઇશ્વરી લેખની મહત્વતા. ૧૫

કવાલી.

પ્રભુને હાથ છે બાજી, વ્યથા શાને કરે છે તું,
ન કર્મોથી કદી તુટે, દિધિ આયુશ્ય ના ખુટે;
ભરાયું હોય તે કુટે, નકી જાણી રહે જે તું. ટેક૦
જગત આધિન છે જેને, વિસારી શું રહ્યો તેને;
ગણું કોને હવે પાઝી, બતાવી દે મને તે તું. પ્રભુને૦
કરે છે કૃત્ય તું કેવા, પશુમાં સૌ ગણે તેવા;
સકલ શ્રષ્ટિ મરે લાજી, ચરિત્રો વર્ણવું હું શું. પ્રભુને૦
બકે છે શું મુખે મારૂં, બતાવી દે કયું તારૂં;
પીતા કોના કઇ માજી, પ્રીયા કોને ગણે છે તું. પ્રભુને૦
તપાસી લે જરા પ્યારા, ગુણો જેમાં રહ્યા ન્યારા;
જેથી શક્તિ રહે તાજી, ભજન તેનું કરીલે તું. પ્રભુને૦
બન્યો મુસ્તાક તું જેમાં, વળ્યું તારૂં જ શું તેમાં;
કહે જયરામ લે સાધી, જવાનો છે નકી જયાં તું. પ્રભુને૦

જીવોપદેશ. ૧૬

ધનાશ્રી.

માંડયો શું આ વ્યાપાર, માનવી તેં, માંડયો શું આ વ્યાપાર;
શું કામે આવ્યો આ જગમાં તું, વેગે કરી લે વિચાર. ટેક૦
હિણભાગી તું કંઈ ન કમાયો, વ્યર્થ ગયો અવતાર. માનવી તેં.
કુડી માયામાં તું લપટાણો, ભુલી ગયો કીરતાર. માનવી તેં.
જંજાલમાં સહુ જોર ગયું પડી, ગયા સિથલ સૌ હાડ. માનવી તેં.
પુત્ર દારા કોઈ કહ્યું ન માને ત્યારે, દુઃખ પામ્યો તું અપાર.
માનવી તેં.
અંત સમય કોઈ કામ ન આવ્યું, ગોથાં ગણે છે ગમાર.
માનવી તેં.
જયરામ કહે પછીથી પસ્તાયો, અંતઃ સમય અનુસાર.
માનવી તેં માંડયો શું આ વ્યાપાર.

શોક ન કરવા વિશે. ૧૭

કવાલી.

ચતુરો જયા ગયા ચુકી, કરે છે સોચ તું શાને;
થવાનું તે નકી થાશે, લખાણું હોય જે બાહાને. ટેક૦
રડી કુટી મરે છે તું, વળ્યું તેમાંજ તારૂં શું;
છતી વાતો બધી જાણે, કરે છે સોચ તું શાને.

ન માને લાંચ દીધાથી, મળેના ઝેર પીધાથી;
ન ધારે તે કશુ કાને, કરે છે સોચ તું શાને.
પિતા માતા અને ભાઇ, સબંધી જે સગા સાઇ;
રહ્યા સૌ મોજ તે માણુ, કરે છે સોચતું શાને.
પ્રભુને હાથ છે કૂંચી, ઘડીમાં લે બધું ખુંચી;
કદાપી ના કહ્યું માને, કરે છે સોચ તું સાને.
જેવી વૃક્ષો તણી છાયા, તેવી જાણો બધી માયા;
લખીને રાખજે પાંને, કરે છે સોચ તું શાને.
કહે જયરામ તે જાતે, ઉપાડો ભાર શા માટે;
ગુણો શ્રી કૃષ્ણના ગાને, કરે છે સોચ તું શાને.

ગુન્હાની માફી. ૧૮

પામ્યો પામ્યો પદ્મની નારી હો—એ રાગ.

શરણે હું રહ્યો છું તમારી રે, ભુલ માફી કરો પ્રભુ મારી,
પરોપકારો મેં નથી કીધાં દાન સુપાત્રે મેં નથી દીધાં;
રહ્યો ભોગવિ હું લાચારી રે, ભુલ માફી કરો પ્રભુ મારી,
અંતરજામી આપ અમારા, સેવક જન ગુણ ગાય તમારા;
જાઉં ચરણ કમલ પર વારી રે, ભુલ માફી કરો પ્રભુ મારી,

સુંદર નારી જોઉં પરાઇ, માર્ગ મૂકી હું ચાલુ ભરાઇ;
એવાં કર્મ કર્યાં બહુ ભારી રે, ભુલ માફી કરો પ્રભુ મારી,
જોબન જુવતી સંગ ગુમાવ્યું, ચતુરપણું મેં ત્યાંજ સમાવ્યું;
વસ થયો સમય અનુસારી રે, ભુલ માફી કરો પ્રભુ મારી,
છેવટ પણ બની રહ્યો બીચારો, એ દુઃખમાંથી આપ ઉગારો;
જયરામ જાય બલીહારી રે, ભુલ માફી કરો પ્રભુ મારી,

ગરીબી હાલતની ગમગીની. ૧૯

રાગ પીલુ.

હાલત ગરીબી સમું જગ માંહી, દુઃખ ન દીઠું મેં કશું-
અન્ય કયાંહી; ટેક૦
રંકની યાદ વળી કોણ રાખે, જીવતર બગડેલનું કોણ સાંખે.
હાલત૦
દ્રષ્ટિથી ગરીબ જુવે જો કદાપી, નજર પડી જન કહેશે
તથાપી. હાલત૦
જયરામ કહે રંકના રખવાળા, કષ્ટ હરો દ્વારીકાનાથ મારા.
હાલત૦

મુંબઇના વર્તમાનની સ્થિતિ. ૨૦

રાગ આવો આવો આમ હે બાળકો તમામ.

વિશ્વાસ ના કરો, વિશ્વાસ ના કરો,
મુંબાઈ પૂરિનો કદી વિશ્વાસ ના કરો. ટેક૦
લોભે લક્ષણ જાય કહ્યું છે, કહેવતમાં નિરધાર;
જરને કાજે જરૂર પોતાના, પ્રાણ કરે છે ખ્વાર. વિશ્વાસ૦
હોંશીલા હયરાન થવાને, નાટકમાં નીત જાય;
પૈસા ખરચી ઉજાગરો લઇ, કામ વિના અથડાય વિશ્વાસ૦
ચપટી ધૂળ લઇ કાગળમાં, પુળી બનાવી ખાસ;
સીલબંધ કીધી સુંદર ગુણ, ગહન કર્યા પરકાશ. વિશ્વાસ૦
ગુલાબ અત્તર સેંટ તણી, ખુશબો લેવાને ચાહ્ય;
મુખ ચુંબન વટલેલીનું, કરતાં ન કંઈ લજવાય. વિશ્વાસ૦
પૈસા ચાર ધરમ મારગમાં, કહિ નહિ વપરાય;
ગુણિકાનું થઇ રહ્યું નાચ, ત્યાં નોટ વીસની જાય. વિશ્વાસ૦
વર્ણન કરતાં વખત જાય છે, ભલું કરો ભગવાન;
જયરામ તણા આ વચનામૃતનુ, સકલ કરો જન પાન.
વિશ્વાસ ના કરો૦

પ્રભુના વિયોગે-ગોપીએ કરેલો વિલાપ. ૨૧

પીલુ.

કૃષ્ણ વિના આ જીવન દુઃખદાઇ, વિરહ હેથી હું ફરૂં વનમાંહી;
ટેક૦
બંનસીધર મારો છેલછબીલો, નંદ જશોદાજીનો ઉછરેલો.
કૃષ્ણ વિના.
અર્ધ નિશાએ ગયા પ્રભુ ત્યાગી, પરવસ પડતાં વ્યથા એજ
લાગી. કૃષ્ણ વિના૦
અમથી જો રહીશ કદી અકળાઇ, યત્ન વિના ન મળે સુખદાઇ.
કૃષ્ણ વિના૦
જોઇતાં નથી એને મીષ્ટાંન મેવા, વસ કરી પ્રેમ થકી પ્રભુ
લેવા. કૃષ્ણ વિના૦
અંતરજામી ગોકુળના નિવાસી, જયરામ ગુણ નીત્ય ગાય
પ્રકાશી. કૃષ્ણ વિના૦

વિરહીણી ગોપી. ૨૨

ગજલ.

કૃષ્ણ ચંદ્રને હું નીહાળવા, જાઉં ક્યાં કહિ દને હે સખી;
જાઉં ક્યાં કહિ દને હે સખી, ધ્યાનમાં ન આવે એતો નકી.
ટેક૦

વિના વત્સની જેવી ગાવડી, પુત્ર વિરહથી ઝુરે માવડી;
ગતી મારી તેવી તું જાણજે, સત્ય વાક્ય મારા તું લે લખી.
કૃષ્ણ ચંદ્ર૦
પ્રાણાધાર આપ વિના રતી, પલ એક પણ ગમતું નથી;
વાટ હું રહી જોઉં ક્યારની, આવી જાય જો દ્વારીકાપતી.
કૃષ્ણ ચંદ્ર૦
જયરામ એમ કહે પ્રભુ, મુજ રંકના બેલી છો વીભુ;
કીરપા કરી નીજ દાસના, દુઃખ દુર થાશે તમો થકી.
કૃષ્ણ ચંદ્રને હું નીહાળવા, જાઉં ક્યાં કહી દેને હે સખી.

પરમેશ્વરનો ડર રાખવા વિષે. ૨૩

કવાલી.

ભલું તારૂં થવાનું સૌ, નીયંતાનેજ છે હાથે. ટેક૦
કરે છે કર્મ તું કુડાં, મનાવે છે પછી રૂડાં;
એવું અંધેર નહિં ચાલે, લખીને રાખ તું સાથે. ભલું૦
કચેરીમાં જવાનું છે, થનારૂં તે થવાનું છે;
ભલું ભુડું ખરૂં ખોટું, કર્યું સૌ ભોગવો જાતે. ભલું૦
થયો શું ગર્વમાં ઘેલો, મળ્યો પંખી તણો મેળો.
નીસાએ સૌ થયાં ભેળાં, જશે ઉડીજ પરભાતે. ભલું૦
હીસાબી છે ચતુરો ત્યાં, ફરક પૈનો પડે નહિ જ્યાં;
ઉકળતાં તેલમાં બોળે, કહે જયરામ તે માટે. ભલું૦

ગ્રંથ માધુર્યતા દર્શક. ૨૪

કવાલી.

નમાનો તો કશું પણ નહિ, જરા શું આવશો નહિં હ્યાં;
રચ્યાં મેં પુસ્તકો રૂડાં, કદી વાંચ્યાં હશે નહિં કયાં. ટેક૦
ખરૂં ઐશ્વર્ય તો એ છે, બતાવી અર્થ પણ દે છે;
સુપંથે જે પ્રવર્તે છે, પ્રભુ તેને મળે છે ત્યાં. નમાનો૦
ખુશીમાં જીવતો રહેશે, વધુ કંઇ દ્રવ્ય નહીં બેસે;
છતાં પણ લાભ ના લેશે, કથન તેનું કરૂં જઇ કયાં. નમાનો૦
લીધાં છે પુસ્તકો જેણે, પુછો જઇને ઘરે તેને;
રહ્યાં આનંદમાં છે ને, કહે જયરામ ભાગલીઆ નમાનો૦

ભજનમાં ભંગ પાડનારને દૂર કરવા વિષે. ૨૫

પીલુ.

નામ પ્રતાપી લેતાંજ તમારૂં, એકાદું વિઘ્ન નકી આવનારૂં.
ટેક૦
અંતરજામી અમોને શું કરવું, દુષ્ટોના સંગથકી કેમ તરવું.
નામ૦
કઠણ વચન તું રહ્યો કેમ સાંખી, દુઃખ દૂર કરશે કવણ તુજ
પાંખી નામ૦
મનનું ધારેલું નકી નાથ થાશે, શાંતીથી સુખમાં પછી રહેવાશે.
નામ૦
કહેવું અમારૂં ધરી નીજ કાને, જયરામને ઝટ દે સાહ્ય થાને.
નામ૦

પ્રાણી માત્રના પ્રભુ એકજ છે

ખ્યાલ. ૨૬

અજબ નામ ઈશ્વરનું એકજ, છતાં વિભાગ થયાં કેવા;
પોત પોતાના ધર્મ પ્રમાણે, ભજીશકે લોકો તેવા.
શીવ શંકર કોઇ કહે તેમને, કોઇ કહે છે નંદકુંવર;
રામ કહો તે પણ સરખું છે, થવું નહિ કોઇયે કાયર.
ઈસુખ્રીસ્ત આ નામ થકી કોઇ, ખ્રીસ્તી ધર્મ વીષે ભજતાં,
મુસલમાન સહુ ખુદા કહેછે, ઇમાન શબ્દ નથી તજતાં.
પ્રેમ પુરષ્કર ભજવુ જોઇએ, આ હીસાબ છે ખરેખરો;
માલીકને રીઝવવા માટે, યત્ન કરો રે યત્ન કરો.
ભવસાગરમાંથી તરવાનો, ઉપાય કંઇજ નથી બીજો;
વિનાસ વાળી વસ્તુ દેખી, શા માટે અમથા રીઝો.
પરિત્યાગ કરશો નહિ એનો, સત્યપણું સહુ આચરજો;
કૃપા પ્રભુની મેળવવામાં, આળશ આદી માં કરજો.
સમય સમયની લીલા રચવા, હુકમ પ્રભુ ફરમાવે છે;
જયરામ દાસ ફુરસદ પરમાણે, ચીજ અમલમાં લાવે છે.

સતસંગનો મહિમાં

જીનન કીયો સતસંગ એ રાગ ૨૭

જીવ્યા ઘણું થયું શું તેથી, જો હરી ગુણ ન ગવાયારે;
માનવ દેહ વિષે આવી, જુઠા સુખમાં ભરમાયારે. જીવ્યા

પરમારથ પણ થયું ન હાથે, ભક્તિથી લજવાયારે;
કથા પુરાણ તણા વકતા સૌ, લાલચમાં લપટાયારે. જીવ્યા
ઘરનો દાદર ગયા ઉતરી, શબ્દ સ્ત્રિનાં સંભળાયારે;
ભુલી જતાં નહિં આજ રખે, કહેતાંમાંતો અચકાયારે. જીવ્યા
વાત બધી સમજી શકવામાં, ચતુર તમો છો ડાહ્યારે;
જયરામ કહે સતસંગ સરીતામાં, ન કદી નર નાહ્યારે. જીવ્યા

બસ રૂપૈયો તો રૂપૈયોજ છે

કવાલી ૨૮

રૂપૈયા જો તારે માટે, ફુટે છે કૈક જણ માથું;
વીના ફુટે કહો ક્યાંથી, દેખાશે આંખથી રાતું.
ખરૂં કહોદે ખરૂં કહીદે, સીખાવ્યું છે મુને વૈદે;
મીઠી મીઠી કરી વાતુ, ફુટે છે કૈક જણ માથું.
અમો નહોતા જ્યારે હાજર, મુલકમાં વેચતા ગાજર;
હવેતો બંગલા માટે, ફુટે છે કૈક જણ માથું.
દાબી દુબી મને રાખો, વખત ઉપર મજા ચાખો;
જેણુ જેણુ ભુલો ખાધી, ફુટે છે કૈક જણ માથું.
ખીસામાં હું અમો જ્યારે, આપે છે માન સૌ ત્યારે;
દીઠું જોકે જરા ખાલી, ફુટે છે કૈક જણ માથું.
એવી રીતે નહિ ફાવો, ધરમનું બીજ કંઇ વાવો.
ભાગલીયા સાફ કહી દે છે, ફુટે છે કૈક જણ માથું.

અલો અલીને કહે છે

કવાલી ૨૯

બંગાળી છાયલો ઝીણા, મળે છે કયાં અલી જગમાં;
ચાંદીની ફેનશી સાંકળ, નથી કાં પહેરતી પગમાં.
શેંથા ઉભો જરા કરિએ, ખુલ્લે મોઢે સદા ફરીએ;
કાળી ટીપકી માટે કાજળ, મળે છે કયાં અલી જગમાં.
ખરિદો શેંટની શીશી, લગાડો દાંતને મીશી;
જાપાનીસ છત્રીયો રૂડી, મળે છે કયાં અલી જગમાં.
જોયું તું મેં ગઈ કાલે, સ્રિયો સૌ મોજ રહી માલે;
રૂપૈયો દોઢ નાટકનો, મળે છે કયાં અલી જગમાં.
ખરૂં કહું છું હવે પ્યારી, ટુંકી આયુસ્ય છે મારી;
પુરાતન જોશીયો એવા, મળે છે કયાં અલી જગમાં.
નહિ માંને નહિ માંને, ચણા લઈ તું અલ્યા ખાને;
કવી જયરામના પેપર, મળે છે કયાં અલી જગમાં.

ઉપરના પ્રસ્નનો જવાબ.

કવાલી ૩૦

વાહવા ધન્ય છે સ્વામી, હું તો આશ્ચર્ય બહુ પામી;
ખોટા લક્ષણ શીખાડો છો, સ્વહસ્તે એજ છે ખામી.
હું તો અજ્ઞાન છું એવી, પવન વેગે ઉડું તેવી;
તમારી રીત આ જોઇ. હું તો.
બની ગુણીકા તણા ઘેટા, ફિશનના રંગમાં પેઠા;
રહી દમડી નહિ ત્યારે. હું તો.

દેખી મુંબઇ તણી વસ્તી, આવી છે કે અલ્યા મસ્તી;
પીધી છે ભાંગ શું આજે. હું તો.
કાજળ કેવું બંદી કેવી, છાયલ કેવા સીસી કેવી;
બકો છો ઉંઘમાં શું આ. હું તો.
કહું તે લક્ષમાં રાખો, જેણે આ સ્વાદ છે ચાખ્યો;
જાતે દહાડે બગડસે તે. હું તો.
મોટર ગાડી મંગાવું કે, છાના રૂપીયા અપાવું કે;
બંગડીઓ કયાં મુકી આવ્યા. હું તો.
રાખો અલગી જરા અલગી, ફેસન ઉઠી વધું સલગી;
સુણી જયરામના વચનો. હું તો.

ખ્યાલ ૩૧

અન્ન જીવાડે છે આત્માને, અન્ન વખત પર મારે છે;
અન્ન વસ્તુ છે જીવન દોરી, મહિમાં એનો ભારે છે.
હોય તરતનુ જો રાંધેલું, મજા ઘણી તે આપે છે;
થંડુ પડતાં ખાનારાને, ગુણ તામસનો વ્યાપે છે.
બગડેલુ કંઇ અગર હોય જો, વાસી શરીર બગાડે છે;
સ્રિયો પાપણી હોય ખરેખર, નીજ પતીનેજ ખવાડે છે.
પતી બીચારો આધીન થએલો, સ્રિની મરજી રાખે છે;
એક બોલ પણ કહી શકે નહિં, વિષય ફળોને ચાખે છે.
અરે નાથ સંતોશ પમાડો, કૃપા ખરોજ તમારી છે;
જયરામ કહે આ જગત વીશે, તુજ ગતી વિલક્ષણ ન્યારી છે.

સજ્જનોને ભલામણ. ૩૨

બનજારો.

ઉત્તમ પદના અધિકારી, વાંચો સૌ કુંજબીહારી,
છે સાંખ્ય જ્ઞાનનો સંગી, ભય રહિત મહા ઉછરંગીરે;
ફરી ફરી કહું લલકારી, વાંચો સૌ કુંજબીહારી.
મનહર મધ સમ છે મીઠા, નવ હશે કદી કયાં દીઠારે;
કવિતા સૌ દુઃખ હરનારી, વાંચો સૌ કુંજબીહારી.
આ વર્તમાન છે ખોટો, વૈરાગ્ય તણો છે ત્રોટોરે;
ગૃસ્થાશ્રમ ધર્મ વિચારી, વાંચો સૌ કુંજબીહારી.
જે કદર હશે કરનારા, અલમસ્ત થઇ ફરનારારે;
મુંબઇનાં જન સુખકારી, વાંચો સૌ કુંજબીહારી.
જયરામ દાસની વાણી, કંઠસ્થ કરો સૌ પ્રાણી રે;
પછી પુરૂષ હોય કે નારી, વાંચો સૌ કુંજબીહારી.

સમાપ્ત.

ઘરાકોને સુચના.

ચાલુ જમાનાની પુર્ણ બારિક માહીતી દર્શાવ- તથા સોબતના ફુળ વિગેરેની બાબતોથી ભરપુર તરેહ લોકપ્રિય જમાનાના પેપરો પ્રગટેલા તે સર્વે વરસ એક સુધં કુલે અંક બાવીસની બુક બહાર પડી ચુકી છે. કીં ત્રણ આના. દીલખુશ કવાલી સંગ્રહ, નોચ્છાવર આનો. કીર્તન ચંદ્રોદય એક આનો.

મળવાનું ઠેકાણું:—શેઠ ધરમસિં ભવાનજી ઊનવાળાના માળામાં કાંદાવાડી—મુંબઈ.

કવી બાગલીયા.

કચ્છ માંડવીવાળા.